જે કોઇ સ્વાર્થમય છે તે અનૈતિક છે... અને જે કોઇ નિ:સ્વાર્થ છે તે નૈતિક છે
- ઝેન કથન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૦૬ | ૧૯ જાન્યુઆરી, ૨૦૧૫, સોમવાર ; પોષ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં જળ સંચય માટે કાર્ય યોજના ઘડાશે

## વાવોને પુનઃ જીવીત કરવાની શકયતાઓ ચકાસાઈ રહી છે : તળાવો ઉંડા કરી તેને રક્ષિત કરવા ઉપરાંત પાણી વેરાની વસુલાત માટે પાણી સમિતિઓ સક્રિય કરાશે : દહેગામનું દેવકરણના મુવાડા જિલ્લાનું પ્રથમ જળગ્રામ જાહેર કરાયું

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં પાણીના સ્તર ઝડપથી નીચે જઈ રહ્યા છે ત્યારે જળ વ્યવસ્થાપન જળ સંરક્ષણ અને જળ સુરક્ષાના પાસાંઓને આવરી લઈ એક વિસ્તૃત કાર્યયોજના તૈયાર કરવાની કવાયત તંત્ર એ હાથ ધરી છે. આ ઉપરાંત દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામને જળગ્રામ તરીકે ઘોષિત કરવામાં આવ્યું છે.

ભૂગર્ભ જળના વધુ પડતા ખેંચાણને કારણે ગાંધીનગર જિલ્લો ઓવર એકસપ્લોઈટેશન ઝોનમાં આવે છે. વરસાદી પાણીનો સંગ્રહ પણ ઓછો થઈ રહ્યો છે. રેતાળ જમીનને કારણે જળ સંચય ઓછો થાય છે.

જિલ્લામાં સિંચાઈની સુવિધા ઓછી હોવાથી ખેતી માટે ભૂગર્ભ જળ પર વધુ આધાર રાખવો પડે છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં જળ સંચયને વધુ અગ્રતા આપવામાં આવશે. આ માટે જૂની વાવો રિવાઈવ (પુનઃજીવીત) કરવા ઉપરાંત તળાવોને ઊંડા કરવા અને જળપ્રભરણ કુવાઓ બનાવી જળશકિતમાં વધારો કરવા પર ભાર મુકવામાં આવશે.

જળ વ્યવસ્થાપન ના મુદ્દે જિલ્લાના તમામ ગામોમાં પાણી સમિતિને વધુ અસરકારક રીતે કાર્યરત કરી અને પાણી વેરાની વસુલાતને અગ્રતા આપવા સહિતની બાબતો પર વિચારણા કરવામાં આવશે.

જળ સુરક્ષા માટે જે તળાવો અને અન્ય પાણીના સ્રોત છે તેને સુરક્ષિત બનાવવાની યોજના તૈયાર કરાશે. જળસ્ત્રોતોના આસપાસ દબાણો ઉભા થાય નહિ તેમજ આ સ્રોતોમાં અને આસપાસમાં સ્વચ્છતા જળવાઈ રહે તે બધી બાબતોને કાર્યયોજનામાં સમાવી લેવામાં આવશે.

જિલ્લામાં એક તરફ ભૂગર્ભ જળમાં વધતા જતા ફલોરાઈડ સહિતની બાબતો તેમજ તેની ગુણવત્તાને લઈ ઉભા થઈ રહેલા પ્રશ્નો બાબતે ગ્રામ્ય વિસ્તારમાં

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્ય વિસ્તારમાં ભારે ઉત્સાહ તો શહેરી વિસ્તારોમાં કામગીરી ધીમી રહી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં પલ્સ



આજે સવારથી શરૂ થયેલ આ અભિયાનમાં જિલ્લાના ગ્રામ્ય જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત ૯૦૦ જેટલા બુથ અને ૩૦ થી વધુ મોબાઈલ ટીમો કામે લગાડવામાં આવી હતી.

ગાંધીનગર શહેરમાં વિટકોસ સ્ટેન્ડ અને અક્ષરધામ જેવા ટ્રાન્ઝીટ પોઈંટ પર ખાસ ટીમો મુકવામાં આવી હતી અને ત્યાં તંત્રને સારો પ્રતિસાદ સાંપડ્યો હતો.

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાઓના શહેરી વિસ્તારમાં થોડીક નબળી કામગીરી થઈ હોવાનુ તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. સેવાઓ આપી હતી.

સામાન્યતઃ જિલ્લામાં અભિયાનના પ્રથમ દિવસે ૮૫ ટકા સુધીની કામગીરી થતી રહી છે પરંતુ આ વખતે તંત્રએ કરેલા માઈક્રો પ્લાનીંગ તેમજ હાઈ રિસ્ક વિસ્તારો પર પહેલેથી જ ધ્યાન કેન્દ્રીત કરાતાં સારો પ્રતિસાદ મળ્યો છે.

જિલ્લામાં આજે પલ્સ પોલિયો અભિયાનને લઈ પોર અને સે. ૨૪ ખાતે ખાસ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું. આજે તંત્રની ટીમ વર્કને કલેક્ટર,

# જિલ્લામાં પલ્સ પોલિયોમાં વિક્રમી કામગીરી



(તસવીર : કશ્યપ નિમાવત)

પોલિયો અભિયાનને જબરજસ્ત પ્રતિસાદ મળતાં વિક્રમી કામગીરી આજે નોંધાઈ છે. જો કે શહેરી વિસ્તારમાં થોડીક ઓછી કામગીરી જરૂર થઈ છે, પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં લોકોએ સારી જાગૃતિ બતાવી છે. વિસ્તારમાં ૯૦ ટકા સુધીની કામગીરી નોંધાઈ છે, જ્યારે ગાંધીનગર શહેરમાં ૭૧ ટકા કામગીરી થઈ છે.

આ અભિયાન આગામી બે દિવસ સુધી ચાલશે અને તમામ બાળકોને આવરી લેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના વિસ્તારોમાં ૮૫ થી ૯૦ ટકા સુધીની કામગીરી નોંધાઈ છે. આજે આ અભિયાનમાં જિલ્લાભરમાં પાંચ હજારથી વધુ કર્મચારીઓએ કમિશનર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ અભિનંદન આપી કર્મચારીઓનો ઉત્સાહ વધાર્યો હતો. જિલ્લાના કેટલાક કેન્દ્રો પર સાંજે ૬.૩૦ સુધી પોલિયો પીવડાવવાની કામગીરી ચાલી હતી.

# ગાંધીનગરના બે યુવાનો ભારતભ્રમણ યાત્રાએ

## નગરના અભયસિંહ અને જીગર રાવલ ૪૫ હજાર કિલોમીટરની બાઈકયાત્રા ૨૦૦ દિવસમાં પૂરી કરશે : ૨૯ રાજ્યોના પરિભ્રમણ દરમિયાન સ્વચ્છતા અભિયાન અને બેટી બચાવોનો સામાજીક સંદેશ પ્રસરાવશે

ગાંધીનગર, તા. ૧૮

૨૯ રાજ્યો, ૨૦૦ દિવસ, દરરોજના ૩૦૦ કિ.મી.ની યાત્રા કરી કુલ ૪૫,૦૦૦ કિ.મી.ની બાઈકયાત્રા કરવાનુ અદ્દ્ભુત, અનોખુ સાહસ



(તસવીર : કશ્યપ નિમાવત)

કરવાની તીવ્ર ઈચ્છાશક્તિ સાથે ગાંધીનગરથી બે યુવાનોએ ભારત ભ્રમણની આ કઠિનયાત્રા શરૂ કરી છે. બીઈ, આઈટી, એમ.બી.એ.નો અભ્યાસ પૂર્ણ કરનાર નરોડાના વતની જીગર ચંદ્રકાન્તભાઈ રાવલ અને વડોદરાના વતની અને યુ.કે.થી માસ્ટર્સ કરનાર અભયસિંગે સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો, રોડ સેફ્ટી જેવા સંદેશાઓ દેશના ખુણે ખુણે પહોંચાડવાના આશયથી ૨૯ રાજ્યોની કઠિન બાઈકયાત્રા રવિવારે સવારે ગાંધીનગરથી શરૂ કરી છે. દેશની સૌથી લાંબી યાત્રા તરીકે ગીનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત કરી શકે તેવી આ યાત્રાનો પ્રારંભ બંને યુવાનોની માતાઓએ ફલેગ બતાવી કરાવ્યો હતો.

આ બંને યુવાનો ઈન્ફોસિટી ખાતે ફરજ બજાવતા હતા ત્યારે આ યાત્રાનો વિચાર આવ્યો હતો. છ મહિના પહેલા આવેલા એક વિચારે આજે આ યાત્રાને પરિણામમાં ફેરવી છે. જેને મિત્રો-સગાઓનો ખૂબ જ સાથ અને સહકાર પ્રાપ્ત થયો છે. ૧૮ જાન્યુઆરી રવિવાર ગાંધીનગર સવારે ૧૧ વાગ્યેથી શરૂ કરેલ બાઈકયાત્રા ૨૯ રાજ્યોમાં ૪૫,૦૦૦ કિ.મી. ૨૦૦ દિવસોમાં પુરી કરશે. આ ભારતયાત્રા દરમ્યાન સ્વચ્છતા અભિયાન, ટ્રાફિક નિયમોનું પાલન, રોડ સેફટી, બેટી બચાવો, જેવા શુભ સંદેશો શહેર ગામ સુધી પહોંચાડવાની નેક નેમ લઈને આ બે સાહસિક યુવાનોએ પ્રસ્થાન કર્યુ છે. આ યાત્રા એક બે વ્યક્તિની નથી પરંતુ સર્વેની છે. રોજના ૩૦૦ કિ.મી.ની યાત્રા કરી સ્થાનિકોના ઘરોમાં રોકાણ કરીશુ. જેથી કરીને સંસ્કૃતિ, પહેરવેશ, ખાનપાન વિશેની માહિતીનું આદાન-પ્રદાન થઈ શકે તેવું આ બે યુવાનોનું માનવું છે.

બાળકોમાં સાહસવૃત્તિ કેળવાય અને દેશ સેવાનો આ સારો મોકો છે, તેમજ પ્રથમ ચિંતા ગામડાઓની કરવી જરૂરી છે. તે સમૃદ્ધ હશે તો શહેરો આપોઆપ સમૃદ્ધ થઈ જશે. અને કાર ચલાવવા કરતા બાઈક ચલાવવાના શોખને પણ પ્રોત્સાહન મળશે તેઓ આ બંને યુવાનોનુ માનવુ છે. ઉલ્લેખનીય છે કે અગાઉ અભયસીંગને આવી જ એક યાત્રા માટે લીમ્કા રેકર્ડમાં સ્થાન પ્રાપ્ત થયુ હતુ. ધ ગ્રેટ ઈન્ડીયન નોમાડીક રાઈડ - રીડીસ્કવરીંગ ઈન્ડિયા બેનર હેઠળ આ બાઈકયાત્રામાં પર્વતો, દરિયા કિનારો પ્રદેશો, જંગલો, સરહદ પાસેના રસ્તાઓ અને દેશના તમામ રાજ્યોની રાજધાનીને પણ આવરી લેવામાં આવશે. આ બંને યુવાનોને ગાંધીનગર વતી ખુબ ખૂબ શુભેચ્છાઓ.

## પેથાપુર ચાર રસ્તે ખાનગી ગોળીબારમાં એક યુવાનને ઈજા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના પાદરમાં પેથાપુર ચોકડી પાસે ખાનગી ગોળીબાર થતાં ભારે ચકચાર મચી જવા પામી હતી. મોડીસાંજે પેથાપુર ચાર રસ્તા પાસે જીતુ વાઘેલા નામના યુવાને ગોળીબારના ત્રણ રાઉન્ડ છોડ્યા હતા. જેમાં શૈલેન્દ્રસિંહ વાઘેલાને ગંભીર ઈજાઓ થતાં એપોલો હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા.

મળતી પ્રાથમિક વિગતો મુજબ બંને દારૂની હેરાફેરી સાથે સંકળાયેલા હોવાનું જાણવા મળેલ છે. છેલ્લા કેટલાક વખતી ગાંધીનગરની આસપાસ દારૂની હેરાફેરી અને ગેરકાયદેસર વેચાણ વધતું જાય છે. જેમાં સરહદ અને ગ્રાહકોના ઝઘડા રોજીંદા બનતા આ પ્રકારની ઘટના બનવા પામી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. મોડી રાત્રે પોલીસે ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી આરંભી છે. આ લખાય છે ત્યાં સુધી ટોળેટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. સ્થિતિ તંગદીલીભરી જણાતી હતી.




## પ્રાર્થના સભા

॥ તમસો મા જ્યોતિર્ગમય ॥



### સ્વ. સુમનબેન હીરાલાલ કારાણી

જન્મ તા. ૧૨-૦૧-૧૯૩૨ દેહવિલય : ૧૭-૦૧-૨૦૧૫

માનવા તૈયાર ના મન અર
પણ હકિકત સામે આવી ઉભી
કલ્પ્યું કદી ન કાળજે કે
થશે કુઠારઘાત અમહ્રદય સુધી.

અમારા માતૃશ્રી સુમનબેન એચ.કારાણીનો દેહવિલય થયેલ છે. સદ્ગતને શ્રધ્ધાંજલિ અર્થે રાખેલ પ્રાર્થનાસભામાં ઉપસ્થિત રહેવા સહુ આપ્તજનોને વિનંતી છે..

**પ્રાર્થના સભા**

તા. ૧૯-૦૧-૨૦૧૫, સોમવાર, સમય : સાંજે ૫.૦૦ થી ૬.૩૦ , સ્થળ : કારાણી વિલા, પ્લોટ નં. ૨૭૭, સેક્ટર-૨૯, ગાંધીનગર

-: ઋણાનુરાગી :-

પરિમલ કારાણી (પૂત્ર) | ભગત કારાણી (પૂત્ર) | જગત કારાણી (પૂત્ર)
મીરા કારાણી (પૂત્રવધૂ) | પુનિતા વ્યોમેશ નાગોરી (પૂત્રી) | ચેતના કારાણી (પૂત્રવધૂ)

**સમસ્ત કારાણી પરિવાર- સુમન ટાવર- સુમન સીટી**